નજાનૂના સાહસો

નિકોલાઈ નોસોવ

અનુવાદ: દીપ્તિ રાજુ

05





નજાનૂએ સોડા-વોટરની ગાડીમાં સવારી કેવી રીતે કરી

RADUGA PUBLISHERS



નજાનૂના સાહસો

નિકોલાઈ નોસોવ

05

નજાનૂએ સોડા-વોટરની ગાડીમાં સવારી કેવી રીતે કરી

બોરિસ કૈલાશિન દ્વારા ચિત્રો








બેન્ડમ અને તેનો મદદનીશ ટ્વિસ્ટમ ખૂબ જ કુશળ કારીગરો હતા. તેઓ દેખાવમાં એકદમ સરખા લાગતા હતા, તેમનામાં ફક્ત એટલો જ ફરક હતો કે બેન્ડમ થોડોક ઊંચો હતો અને ટ્વિસ્ટમ ઊંચાઈમાં થોડોક નાનો હતો. બંને ચામડાના જેકેટ પહેરતા હતા, અને તેમના ખિસ્સાઓમાં હંમેશાં ફાઇલ, રેન્ચ, સ્ક્રુડ્રાઇવર અને બીજા અનેક સાધનો રહેતા હતા. જો તેમના ખિસ્સાઓ ચામડાના ન હોત, તો ઘણાં સમય પહેલાં જ ફાટી ગયાં હોત. તેમની ટોપીઓ પણ ચામડાની જ બનેલી હતી અને તેના પર ચશ્માં (ગોગલ્સ) લગાવેલા હતા. જ્યારે બેન્ડમ અને ટ્વિસ્ટમ કામ કરતા, ત્યારે ધૂળ અને કચરો તેમની આંખોમાં ન જાય તે માટે તેઓ ગોગલ્સ આંખો પર ખેંચી લેતા હતા.



આખો દિવસ બેન્ડમ અને ટ્વિસ્ટમ તેમની દુકાનમાં બેસીને તવા,તપેલાં,ચાની કીટલી,કેરોસીનના ચૂલા અને માંસ કાપવાના મશીનોની મરામત કરતા.જ્યારે તેમની પાસે મરામતનું કોઈ કામ ન હોય, ત્યારે તેઓ લોકો માટે ત્રણ પૈડાવાળી સાઇકલ અને સામાન્ય સાઇકલ બનાવતા.
એક દિવસ બેન્ડમ અને ટ્વિસ્ટમે કોઈને કંઈ કહ્યા વગર પોતાની દુકાનમાં જાતને બંધ કરી લીધા અને કંઈક બનાવવાનું શરૂ કર્યું. આખા એક મહિના સુધી તેઓ હથોડી મારતા, કરવતથી કાપતા, ઘસતા અને જોડકામ (સોલ્ડરિંગ) કરતા રહ્યા, પરંતુ તેઓ શું બનાવી રહ્યા હતા તે કોઈને બતાવ્યું નહીં. મહિનો પૂરો થયો ત્યારે ખબર પડી કે તેમણે એક મોટરકાર બનાવી હતી.
આ મોટરકાર સોડાવોટર અને શરબતના મિશ્રણથી ચાલતી હતી. કારની વચ્ચે ડ્રાઇવર માટે એક બેઠક હતી, અને આ બેઠકની આગળ સોડાવોટરની ટાંકી રાખેલી હતી. સોડાવોટર ટાંકીમાંથી નીકળીને એક પાઇપમાં વહેતું, જે પાઇપ પિત્તળના એક નળાકાર સિલિન્ડર સાથે જોડાયેલી હતી.આ સિલિન્ડરની અંદર એક પિસ્ટન હતું.





સોડાવોટરના દબાણથી પિસ્ટન ઉપર-નીચે, ઉપર-નીચે ચાલતું રહેતું, અને તેના કારણે પૈડાં ફરવા લાગતાં. ડ્રાઇવરની બેઠકની ઉપર શરબતથી ભરેલી બીજી એક ટાંકી હતી. તેમાંનું શરબત એક પાઇપ દ્વારા નીચે આવીને એન્જિનને ચીકણું રાખવા માટે તેલનું કામ કરતું.

આ પ્રકારની સોડાવોટરથી ચાલતી કારો લોકોમાં ખૂબ લોકપ્રિય હતી. પરંતુ બેન્ડમ અને ટ્વિસ્ટમે બનાવેલી કારમાં એક ખૂબ જ મહત્વપૂર્ણ સુધારો હતો: સોડાવોટરની ટાંકીમાંથી એક નાની રબરની નળી બહાર લટકતી હતી, જેથી ડ્રાઇવર કાર રોક્યા વગર જ્યારે ઇચ્છે ત્યારે સોડાવોટરનો ઘૂંટડો પી શકે.

સ્વિફ્ટીએ આ કાર ચલાવતાં શીખી લીધું હતું, અને જો કોઈ તેને ફરવા લઈ જવા માટે કહે, તો તે ક્યારેય ના પાડતો નહોતો.

ટ્રીકલી-સ્વીટર તો બીજા બધાની સરખામણીમાં વધુ વાર ફરવા જવાની વિનંતી કરતો, કારણ કે તેને ખબર હતી કે કારમાં તે મન ભરીને સોડાવોટર પી શકશે.



નજાનૂને પણ કારમાં ફરવાની ખૂબ મજા આવતી હતી. પરંતુ નજાનૂ પોતે કાર ચલાવતાં શીખવા માંગતો હતો. એક દિવસ તેણે સ્વિફ્ટીને કહ્યું:
“મને સ્ટિયરિંગ ચલાવવા દે.”
“તને કાર ચલાવતાં આવડતું નથી,” સ્વિફ્ટીએ કહ્યું. “આ મોટરકાર છે, અને તેને કેવી રીતે સંભાળવી તે આવડવું જોઈએ.”
“એમાં આવડવાનું શું છે?” નજાનૂએ કહ્યું. “તું શું કરે છે એ મેં જોયું છે— ફક્ત લીવર ખેંચવાના અને સ્ટિયરિંગનું ચક્ર ફેરવવાનું. એ તો બહુ સરળ છે.”
“જોવામાં સરળ લાગે છે, પણ હકીકતમાં બહુ મુશ્કેલ છે. તું પોતાનો જીવ જોખમમાં મૂકી દઇશ અને કાર પણ તોડી નાખીશ.”
“બરાબર, સ્વિફ્ટી,” નજાનૂએ નારાજ થઈને કહ્યું, “આગળથી તારે મારી પાસે કંઈ માંગવું હશે તો હું પણ તને નહીં આપું.”
એક દિવસ સ્વિફ્ટી બહાર ગયો હતો ત્યારે નજાનૂએ કારને આંગણામાં ઊભેલી જોઈ. તે કારમાં ચડી ગયો અને લીવર ખેંચીને પેડલ દબાવવા લાગ્યો.



શરૂઆતમાં તો કંઈ જ થયું નહીં, પરંતુ અચાનક કારમાંથી ફટફટાટ જેવો અવાજ આવ્યો અને તે આગળ વધવા લાગી. બારીમાંથી જોઈ રહેલા કેટલાક નાનકડા લોકો (માઇટ્સ) આ જોઈને ઘરની બહાર દોડી આવ્યા.

“તું શું કરી રહ્યો છે?” તેઓ બૂમ પાડી ઊઠ્યા. “તું કોઈ વસ્તુ સાથે અથડાઈ જઈશ!”

“ના, હું નહીં અથડાઉં,” નજાનૂએ કહ્યું. પરંતુ એ જ ક્ષણે કાર કૂતરાના ઘર સાથે અથડાઈ ગઈ અને તેના ટુકડે-ટુકડા કરી નાખ્યાં.સદનસીબે ડોટ અંદર નહોતો, નહીં તો તે પણ કચડાઈ ગયો હોત.

“જરા જો તો, તે શું કરી નાખ્યું!” જાનૂએ બૂમ પાડી. “આ જ ક્ષણે કાર રોક!”

નજાનૂ ગભરાઈ ગયો. તે કાર રોકવા માંગતો હતો, પરંતુ તેને ખબર નહોતી કે કાર કેવી રીતે રોકવી. તેણે એક પછી એક લીવર ખેંચ્યા, પરંતુ કાર રોકાવાના બદલે પહેલાં કરતાં પણ વધુ ઝડપથી દોડવા લાગી.





આંગણામાં એક ઉનાળાનો મંડપ (સમર-હાઉસ) ઊભો હતો. ધડાકો! કડાકો! પળવારમાં તે મંડપ ખંડેરમાં ફેરવાઈ ગયો. લાકડાના પાટિયા નજાનૂના કાન પાસેથી પડવા લાગ્યા. એક પાટિયું તેની પીઠ પર વાગ્યું, તો બીજું તેના માથા પર અથડાયું. નજાનૂ સતત સ્ટિયરિંગનું ચક્ર આ બાજુથી તે બાજુ ફેરવતો રહ્યો.

“દરવાજા ખોલી દો, નહીં તો હું બધું જ તોડી નાખીશ!” કાર આંગણામાં ઝડપથી ગોળ-ગોળ દોડતી હતી ત્યારે તેણે બૂમ પાડી.

નાનકડા લોકો (માઇટ્સ)એ તરત જ દરવાજા ખોલી દીધા, અને નજાનૂ કાર હંકારીને રસ્તા પર નીકળી ગયો. એટલો બધો હોબાળો મચ્યો કે શહેરના બધા રહેવાસીઓ પોતાના ઘરોમાંથી દોડી બહાર આવી ગયા.





"રસ્તામાંથી હટી જાઓ!" કાર ધડાધડ દોડતી હતી ત્યારે નજાનૂએ બૂમ પાડી।
જાનૂ, બેન્ડમ,પ'રેપ્સ,ડૉક્ટર પિલમેન અને બીજા કેટલાક માઇટ્સ તેની પાછળ દોડ્યા, પરંતુ તેઓ કાર સુધી પહોંચી શક્યા નહીં.
નજાનૂ આખા શહેરમાં કાર હંકારીને દોડતો રહ્યો, કારણ કે તે કારને રોકી શકતો નહોતો આખરે કાર નદી તરફ વળી અને ઊંચા કિનારેથી સીધી નીચે ધસી ગઈ. નજાનૂ કારમાંથી ફંગોળાઈને બહાર પડ્યો અને નદીના કિનારે બેભાન થઈને પડી રહ્યો.કાર નદીના તળિયે ડૂબી ગઈ.
જાનૂ, બેન્ડમ, પ'રેપ્સ અને ડૉક્ટર પિલમેને નજાનૂને ઊંચકીને ઘરે પહોંચાડ્યો.તેમને લાગ્યું કે હવે તેનો બચાવ મુશ્કેલ છે, પરંતુ જેવો તેને પથારી પર સુવાડ્યો, તરત તેણે આંખો ખોલી દીધી.
"શું હું હજી જીવતો છું?" તેણે આસપાસ નજર કરતાં કરુણ સ્વરે પૂછ્યું.
"હા, તું જીવતો છે," ડૉક્ટર પિલમેને કહ્યું, "પણ કૃપા કરીને શાંતિથી પડ્યો રહેજે. મારે તારી તપાસ કરવી છે."
પછી તેમણે નજાનૂનાં કપડાં ઉતાર્યાં અને તેની સારી રીતે તપાસ કરી.



"આશ્ચર્યની વાત છે કે એક પણ હાડકું તૂટ્યું નથી," તપાસ કરીને ડૉક્ટર પિલમેને કહ્યું.
"પણ તારા શરીરમાં લાકડાના થોડા કાંટા ઘૂસી ગયા છે."
"એક પાટિયું મારી પીઠ પર વાગ્યું હતું,"નજાનૂએ સમજાવ્યું.
"મારે એ કાંટા કાઢવા પડશે," ડૉક્ટર પિલમેને માથું હલાવતા કહ્યું.
"એમાં દુખશે તો નહીં ને?" ગભરાયેલા નજાનૂએ પૂછ્યું.
"જરાય નહીં. લે,પહેલાં સૌથી મોટો કાંટો કાઢું."
"ઓય!" નજાનૂ ચીસ પાડી ઊઠ્યો.
"કેમ, દુખ્યું?" ડોક્ટર પિલમેને આશ્ચર્યથી પૂછ્યું.
"ખરેખર દુખ્યું!"
"સારું, તો હવે સહન કરવું પડશે. ખરેખર એટલું દુખતું નથી."
"દુખે છે જ! ઓય! ઓય! ઓય!"
"તારી ચીસો સાંભળીને તો કોઈ એમ માને કે હું તારું ગળું કાપી રહ્યો છું! આટલી બૂમાબૂમ શા માટે કરે છે?"
"દુખે છે! તમે કહ્યું હતું કે નહીં દુખે, પણ દુખે છે!"
"આટલો હોબાળો ન કર. હવે તો ફક્ત એક જ કાંટો બાકી રહ્યો છે!"

"એને એમ જ રહેવા દો.મારા શરીરમાં એક કાંટો રહી જાય તો મને વાંધો નથી."
"એમ નહીં ચાલે. એમાં ચેપ લાગી જશે," ડૉક્ટર પિલમેને કહ્યું.
"ઓય! અરે ઓઓઓ!"
"બસ, થઈ ગયું. હવે હું તેના પર આયોડિન લગાવી દઉં, પછી બધું પૂરું."
"આયોડિન લગાવતાં દુખશે તો નહીં ને?"
"અરે ના, આયોડિનથી દુખતું નથી. શાંતિથી પડ્યો રહેજે."
"ઓ-ઓ-ઓય!"
"ચાલ, હવે બસ કર! જો તને કારમાં ફરવાનો એટલો શોખ હોય, તો પછી તેનું પરિણામ પણ ભોગવવું પડશે."
"ઓહ! ઓહ! બળે છે!"
"થોડી જ વારમાં ઠીક થઈ જશે. હવે મારે તારો તાવ માપવો છે."
"અરે નહીં! કૃપા કરીને નહીં!"
"શા માટે નહીં?"
"દુખશે."
"તાવ માપવાથી દુખતું નથી."
"તમે હંમેશા કહો છો કે દુખતું નથી, પણ આખરે દુખે તો છે જ."
"મૂર્ખ! મેં પહેલાં ક્યારેય તારો તાવ માપ્યો નથી શું?"
"ના, ક્યારેય નથી માપ્યો."



"સારું, હવે તું પોતે જ જોઈ લે તાવ માપવામાં ખરેખર જરાય દુખતું નથી," ડૉક્ટરે કહ્યું અને થર્મોમીટર લેવા ગયા.
જેવા ડૉક્ટર બહાર ગયા, નજાનૂ તરત જ પથારીમાંથી કૂદી પડ્યો, બારીમાંથી છલાંગ મારી અને દોડતો દોડતો ગંકીના ઘરે પહોંચી ગયો.જ્યારે ડૉક્ટર પિલમેન થર્મોમીટર લઈને પાછા આવ્યા, ત્યારે નજાનૂ ત્યાં નહોતો.
"વાહ રે દર્દી!" ડૉક્ટર બબડ્યા" હું અહીં તેની સારવાર કરવા અને તેને સારું કરવા માટે મારી પૂરી કોશિશ કરું છું, અને મારો આભાર માનવાને બદલે તે બારીમાંથી કૂદી જાય છે અને ભાગી જાય છે! તેને પોતાની આ હરકત માટે શરમ આવવી જોઈએ!"







